RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 114, Dt.23-07-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# 'અબ કી બાર, આંધ્ર-બિહાર': સાથી પક્ષોને રાજી રાખતુ મોદી સરકારનું બજેટ



**આવકવેરામાં કોઈસીધી રાહત નહીંઃ નવી પ્રણાલીમાં સ્લેબમાં કરાયો બદલાવઃ સ્ટાન્ડર્ડ ડીડકશન ૫૦ હજારથી વધારી ૭૫ હજાર કરાયુંઃ યુવાનો, બેરોજગારો અને મહિલાઓને બજેટમાં પ્રાધાન્યઃ સોના-ચાંદી પર કસ્ટમ ડયુટીમાં ઘટાડો**

**ફેમીલી પેન્શનમાં છુટની મર્યાદા ૧૫ હજારથી વધારીને ૨૫ હજાર કરાઈઃ ચાર કરોડ નોકરિયાતો અને પેન્શનરોને મળશે લાભઃ નવી ટેકસ પ્રણાલી અંતર્ગત ત્રણ લાખ સુધી કોઈ કર લાગુ નહીં પડેઃ ત્રણ લાખથી ૭ લાખની આવક પર પાંચ ટકા, ૭ થી ૧૦ લાખની આવક પર ૧૦ ટકા, ૧૦ થી ૧૨ લાખની આવક પર ૧૫ ટકા, ૧૨ થી ૧૫ ટકાની આવક પર ૨૦ ટકા અને ૧૫ લાખથી અધિકની આવક પર 30 ટકા આવકવેરો લાગશે**

**સાથી પક્ષોના દબાણ સામે ઝુકતી મોદી સરકારઃ બિહાર માટે જાહેર કરાયું ૨૬ હજાર કરોડનું પેકેજ, આંધ્ર પ્રદેશને ૧૫ હજાર કરોડની લ્હાણીઃ શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન ટેકસમાં વધારોઃ ઈ-કોમર્સ ઓપરેટર પર ટીડીએસ ઘટાડાયો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેન્દ્રમાં મોદી સરકારની ત્રીજી ટર્મનું પ્રથમ બજેટ નાણામંત્રી નિર્મલા સિતારામને આજે સંસદમાં રજૂ કર્યુ હતું. જુદા જુદા અનેક પ્રોજેકટોના એલાન વચ્ચે કરવેરા મોરચે કરદાતાઓને કોઇ સીધી રાહત આપવામાં આવી ન હતી. પરંતુ નવી ઇન્કમ ટેકસ પ્રણાલીમાં સ્લેબમાં બદલાવ જાહેર કરવામાં આવ્યો હતો અને સ્ટાન્ડર્ડ ડિડકશનમાં વધારો કરવાની ઘોષણા કરવામાં આવી હતી.

કેન્દ્રીય નાણાંમંત્રીએ આજે રજૂ કરેલા અંદાજપત્રમાં કરવેરા મોરચે કરેલી દરખાસ્ત મુજબ નવી ટેકસ પ્રણાલીમાં સ્લેબ બદલાવવામાં આવ્યા છે. ૧૦ અને ૧૫ લાખ વચ્ચે એક નવો સ્લેબ ઉમેરવામાં આવ્યો છે. નવી ટેકસ પ્રણાલી અંતર્ગતમાં સ્લેબ મુજબ હવે ૩ લાખ રૂપિયા સુધી કોઇ લાગુ નહીં પડે. ૩ થી ૭ લાખની આવક પર ૫ ટકા, ૭ થી ૧૦ લાખની આવક પર ૧૦ ટકા ટેકસ લાગશે.

અત્યાર સુધી ૧૦ થી ૧૫ લાખનો એક ટેકસ સ્લેબ હતો તે વિભાજીત કરાયો છે. હવે ૧૦ થી ૧૨ લાખની આવક પર ૧૫ ટકા અને ૧૨ થી ૧૫ લાખની આવક પર ૨૦ ટકાનો ટેકસ નકકી કરાયો છે. ૧૫ લાખથી અધિકની આવક પર 30 ટકા આવક વેરો લાગશે.

આ સિવાય સ્ટાન્ડર્ડ ડિડકશનમાં છુટછાટ આપવામાં આવી છે. અત્યાર સુધી ૫૦,૦૦૦ના સ્ટાન્ડર્ડ ડિડકશનની છુટછાટ હતી તે વધારીને ૭૫,૦૦૦ કરવામાં આવી છે. ફેમીલી પેન્શનમાં પણ રાહત આપવામાં આવી છે અને ૧૫,૦૦૦ની મર્યાદા વધારીને ૨૫,૦૦૦ કરવામાં આવી છે. નાણાંમંત્રીએ એવો દાવો કર્યો છે કે કરવેરાના આ બદલાવથી ૪ કરોડ નોકરીયાતો તથા પેન્શનરોને લાભ મળશે.''

ટેકસ મોરચે કરવામાં આવેલા અન્ય બદલાવમાં એન્જલ ટેકસ ૨૬ કરી નાંખવામાં આવ્યો છે. જેનાથી દેશના સ્ટાર્ટઅપને મોટો ફાયદો થશે અને તેને વધુ વેગ મળશે.

નાણામંત્રીએ આવક વેરા કાયદા ૧૯૬૧ની વિસ્તૃત સમીક્ષા કરવાનું પણ એલાન કર્યુ હતું. ટેકસ સંબંધી વિવાદ તથા કાનુની કેસો ઓછા કરાશે. છ મહિનામાં વિવાદોનું સમાધાન કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. ૫૦ લાખથી વધુની રકમના વિવાદ હોય તો તેવા સંજોગોમાં જ ૩ વર્ષથી વધુના આવકવેરા રીટર્ન ખોલવામાં આવશે.

શોર્ટ ટર્મ કેપીટલ ગેઇન ટેકસ ૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા કરવામાં આવ્યો છે. લોંગ ટર્મ કેપીટલ ટેકસ ૧૦ ટકાથી વધારીને ૧૨.૫૦ ટકા કરાયો છે. જોકે તેમાં કેપીટલ લાભની છુટ ૧ લાખથી વધારીને કરવામાં આવી છે.

''મ્યુચ્યુઅલ ફંડમાં પુર્ન ખરીદી પર ૨૦ ટકાનો ટીડીએસ પરત ખેંચી લેવામાં આવ્યો છે. અર્થાત પુર્ન ખરીદી પર કોઇ ટીડીએસ લાગુ નહીં પડે. ઇ-કોમર્સ ઓપરેટર્સ પરનો ટીડીએસ ૧ ટકાથી ઘટાડીને ૦.૧ ટકા કરવામાં આવ્યો છે અને તે ભરવામાં વિલંબને ફોજદારી ગુનો ગણવામાં નહીં આવે.

બીજી તરફ કસ્ટમ ડયુટીમાં પણ વ્યાપક રાહતો આપવામાં આવી છે. સોના-ચાંદી પરની કસ્ટમ ડયુટી ૧૨ ટકાથી ઘટાડીને ૬ ટકા કરવામાં આવી છે. આ જ રીતે મોબાઇલ પાર્ટસ, મોબાઇલ ચાર્જર, ૨૫ જાતના મિનરલ્સ, સોલાર પેનલ, કેન્સરને લગતી ત્રણ દવાઓ પરની કસ્ટમ ડયુટી ઘટાડાતા આ ચીજો સસ્તી થવાના સંકેત છે.

''કેન્દ્રમાં ટીડીપી તથા જેડીયુના નિર્ણાયક સમર્થનથી સરકાર બનાવનાર ભાજપના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકાર દ્વારા બજેટમાં આ બન્ને રાજયોમાં વિશે ખાસ કાળજી લેવામાં આવી છે. આંધ્રપ્રદેશને ૧૫૦૦૦ ક્રોડનું ખાસ પેકેજ આપવામાં આવ્યુ છે. જયારે બિહારને ૨૬૦૦૦ કરોડના માર્ગ પ્રોજેકટ ઉપરાંત અન્ય યોજનાઓનું એલાન કરવામાં આવ્યું છે.કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામને પેશ કરેલા બજેટમાં આંધ્રપ્રદેશને ૧૫૦૦૦ કરોડની આર્થિક મદદ સાથેનું ખાસ પેકેજ આપવાની દરખાસ્ત કરવામાં આવી હતી.

આ સિવાય બિહાર માટે પણ મહત્વના પ્રોજેકટની ઘોષણા કરવામાં આવી છે. બિહારમાં ૨૬૦૦૦ કરોડના માર્ગ પ્રોજેકટ જાહેર કરાયા છે. પટણાથી પુનાનો એકસપ્રેસ-વેનુ નિર્માણ કરવાને મંજુરી આપવામાં આવી છે. આ ઉપરાંત પટણા-પુણીબા તથા વૈશાલી-બોધગયા હાઈવેનું નિર્માણ થશે. રાજયમાં નવા એરપોર્ટ તથા મેડીકલ કોલેજના નિર્માણનું એલાન કરવામાં આવ્યુ છે.''

## સોના અને ચાંદી પર કસ્ટમ ડ્યુટી ઘટી, હવે માત્ર ૬% ચૂકવવી પડશે



કિંમતી ધાતુઓ અંગે નાણાપ્રધાન સીતારમણે કહ્યું કે સોના અને ચાંદી પર કસ્ટમ ડ્યૂટી ઘટાડીને ૬% અને પ્લેટિનમ પર ૬.૫% કરવામાં આવશે. નવીનતા, સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે. મૂળભૂત સંશોધન અને પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ માટે નેશનલ રિસર્ચ ફંડની સ્થાપના કરવામાં આવશે. વ્યાપારી સ્તરે ખાનગી ક્ષેત્ર સંચાલિત સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧ લાખ કરોડનો ભંડોળ પૂલ પણ બનાવવામાં આવશે.

## બજેટની મહત્ત્વની વાત

* પહેલી નોકરી માટેઃ ૧ લાખ રૂપિયાથી ઓછો પગાર હોવા પર, EPFOમાં પહેલીવાર રજિસ્ટ્રેશન કરનાર લોકોને ૧૫ હજાર રૂપિયાની મદદ ત્રણ હપ્તામાં મળશે.
* એજ્યુકેશન લોન માટેઃ જે સરકારી યોજનાઓ હેઠળ કોઈ ફાયદો મળી રહ્યો નથી, તેમણે દેશભરના સંસ્થાનોમાં એડમિશન માટે લોન મળશે. લોનના ૩ ટકા સુધી રૂપિયા સરકાર આપશે. તેના માટે ઈ વાઉચર લાવવામાં આવશે, જે દર વર્ષે એક લાખ વિદ્યાર્થીઓને મળશે.
* સ્પેશિયલ સ્કીમ્સ રાજ્યો માટેઃ બિહાર અને આંધ્રપ્રદેશઃ આંધ્ર પ્રદેશને ૧૫ હજાર કરોડ અને બિહારને ૪૧ હજાર કરોડ રૂપિયાની મદદ. બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્ર પ્રદેશ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે ખાસ સ્કીમ
* ખેડૂતો માટેઃ ૬ કરોડ ખેડૂતોની માહિતી જમીન રજીસ્ટ્રીમાં લાવવામાં આવશે. ૫ રાજ્યોમાં નવા કિસાન ક્રેડિટ કાર્ડ જાહેર કરવામાં આવશે.
* યુવાઓ માટેઃ મુદ્રા લોનની રકમ ૧૦ લાખ રૂપિયાથી વધીને ૨૦ લાખ રૂપિયા થઈ ગઈ છે. ૫૦૦ ટોચની કંપનીઓમાં ૫ કરોડ યુવાનોને ઈન્ટર્નશિપનું વચન.
* મહિલાઓ અને છોકરીઓ માટેઃ મહિલાઓ અને છોકરીઓને લાભ આપતી યોજનાઓ માટે ૩ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ
* સૂર્યઘર ફ્રી વીજળી યોજનાઃ ૧ કરોડ ઘરોમાં દર મહિને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી.
* મોબાઈલ ફોન સસ્તા થશેઃ મોબાઈલ ફોન અને પાર્ટ્સ પર કસ્ટમ ડ્યૂટી ઘટશે. મોબાઈલ સસ્તા થશે. સોના અને ચાંદીના ઘરેણાં પર કસ્ટમ્સ ડ્યૂટી ઘટાડીને ૬% કરી
* નોકરિયાત માટેઃ ડર્ડ ડિડક્શન રૂપિયા ૫૦ હજારથી વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવ્યું. આ સિવાય ૦ થી ૩ લાખ રૂપિયા સુધી કોઈ ટેક્સ ચૂકવવો પડશે નહીં. ૩ થી ૭ લાખ રૂપિયા માટે ૫%, ૭ થી ૧૦ લાખ રૂપિયા માટે ૧૦%, ૧૦ થી ૧૨ લાખ રૂપિયા માટે ૧૫%. ૧૨ થી ૧૫ લાખ સુધી ૨૦%. ૧૫ લાખથી વધુના પગાર પર ૩૦ ટકા ટેક્સ લાગશે.
* બજેટમાં શું સસ્તું થયુંઃ કેન્સરની દવાઓ, સોનું અને ચાંદી, પ્લેટિનમ, મોબાઈલ ફોન, મોબાઈલ ચાર્જર, ઈલેક્ટ્રિકલ વાયર, એક્સ-રે મશીન, સોલાર સેટ, લેધર અને સીફૂડ.

## કેન્સરની દવા પરની કસ્ટમ ડ્યુટી ઘટી, દવા સસ્તી થશે



કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, 'દવા અને મેડિકલ કેન્સરના દર્દીઓને રાહત આપવા માટે ૩ દવાઓ પર કસ્ટમ ડ્યૂટી સંપૂર્ણપણે હટાવી દેવામાં આવી છે. એક્સ-રે ટ્યુબ પરની ડ્યુટી પણ ઘટાડવામાં આવી હતી.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં બમ્પર રોકાણ




સરકાર આગામી ૫ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે મજબૂત રાજકોષીય સમર્થન જાળવી રાખવાના પ્રયાસો કરે છે. મૂડીખર્ચ માટે રૂ. ૧૧,૧૧,૧૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ભારતના જીડીપીના ૩.૪% છે. રાજ્ય સરકારો દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણને ટેકો આપવા માટે લાંબા ગાળાની વ્યાજમુક્ત લોન માટે રૂ. ૧.૫ લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## કૃષિ ક્ષેત્ર માટે ૧.૫ લાખ કરોડની જોગવાઈ

ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે આ વખતે બજેટમાં ૧.૫૨ લાખ કરોડની મસમોટી જાહેરાત કરવામાં આવી છે. આ ફંડની મદદથી કૃષિ ક્ષેત્રને બને તેટલો ફાયદો પહોંચાડવાનો પ્રયાસ કરાશે. ખેતીની ઉત્પાદક્તા વધારવા માટે પગલાં લેવામાં આવશે. વધારે ઉપજ આપતા પાકની જાતો (પ્રકાર)નો ઉપયોગ કરવામાં આવશે. સંશોધનને પ્રોત્સાહ આપવામાં આવશે. સરકાર કુદરતી ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરશે. પાકના ઉત્પાદન, સંગ્રહ અને માર્કેટિંગ માટેની વ્યવસ્થા કરવામાં આવશે. શિક્ષણ અને કૌશલ્ય માટે રૂ. ૧.૪૮ લાખનો ખર્ચ થશે. શાકભાજીના ઉત્પાદન અને સપ્લાય ચેઇન માટે ક્લસ્ટર બનાવવામાં આવશે. ૪૦૦ જિલ્લામાં પાકનો સર્વે કરવામાં આવશે તેમજ ૩૨ પાકોની ૧૦૯ નવી જાતો રજૂ કરવામાં આવશે.

## પીએમ અર્બન હાઉસિંગ પ્લાન માટે ૧૦ લાખ કરોડ



નાણામંત્રીએ ડ્ખ અર્બન હાઉસિંગ પ્લાન માટે ૧૦ લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. નાણામંત્રીએ કહ્યું કે રેન્ટલ હાઉસિંગને પ્રોત્સાહન અને રેગ્યુલેશન કરવા માટે નિયમો બનાવવામાં આવશે. સ્ટેમ્પ ડ્યુટી ઘટાડનારા રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે. એનર્જી ટ્રાંન્જિશન માટે નવી નીતિ લાવવામાં આવશે. એક કરોડ ઘરો માટે પીએમ સૂર્યઘર મફ્ત વીજળી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. મહિલાઓના નામની નોંધણી પર સ્ટેમ્પ ડ્યુટીમાં રાહતનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નાના ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ખાનગી ક્ષેત્રના સહયોગથી બનાવવામાં આવશે.

# સૌરાષ્ટ્ર અને દ.ગુજરાતમાં મેઘરાજાની સટાસટી યથાવતઃ ૨ થી ૧૧ ઈંચ વરસાદ ત્રાટકયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની સટાસટી યથાવત રહેવા પામી છે અને છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૦.૫ થી ૧૧ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ સૌથી વધુ દ્વારકાનાં કલ્યાણપુરમાં ધોધમાર ૧૧ ઈંચ તથા સોરઠનાં માણાવદરમાં ૧૦ અને વિસાવદરમાં ૯ ઈંચ વરસાદ ખાબકયો હતો.

જયારે, કેશોદ અને પલસાણામાં ૭.૫ ઈંચ, બારડોલી-કપરાડામાં ૭ ઈંચ, દ્વારકામાં ૬.૫, માળીયાહાટીનામાં ૬.૫, રાજકોટનાં ઉપલેટામાં ૬, જામજોધપુર પંથકમાં ૬ તથા રાણાવાવ અને ગીર ગઢડામાં ૫.૫ ઈંચ વરસાદ છેલ્લા ૨૪ કલાકમાં વરસ્યો હતો.

દરમ્યાન જામનગરથી મળતા અહેવાલો મુજબ જામનગર જીલ્લામાં વીતેલ ૨૪ કલાક દરમિયાન સાર્વત્રિક વરસાદી વતાવરણ રહ્યુ છે અને ધીમોથી માંડીને ધોધમાર વરસાદ ઠેર ઠેર નોંધાયો છે. આજે સવારે પૂર્ણ થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન જામનગરમાં ૨ ઇંચ, ધ્રોલ પોણો ઇંચ, અને જામજોધપુરમાં ૩ ઇંચ વરસાદ નોંધાયો છે જયારે જોડિયા અને કાલાવડ શહેરમાં ઝાપટા જેવો વરસાદ પડ્યો હોવાનું નોંધાયું છે.

જામનગર જિલ્લામાં સતત વરસી રહેલાં વરસાદના લીધે નદી-નાળાંઓ છલકાઇ રહ્યાં છે. આ પાણીને કારણે જળાશયો પણ ઓવરફ્લો થઇ રહ્યાં છે. આ વરસાદને લીધે જિલ્લાની પીવાના પાણીની સમસ્યા ઉકેલાઇ ગઇ છે. જિલ્લાના કુલ ૨૫ જળાશયો પૈકી મોટાભાગના જળાશયો ઓવરફ્લો સપાટીએ વહી રહ્યાં છે.

ખાસ કરીને સિંચાઇ વિભાગ હસ્તકના સસોઇ, પન્ના, ફૂલઝર-૧, ફૂલઝર-૨, સપડા, ડાયમીણસાર, રણજીતસાગર, ઊંડ-૩, વોડીસંગ, ફૂલઝર, રૂપાવટી, સસોઇ-૨, રૂપારેલ, વનાણા, બાલંભડી, ઉમિયાસાગર, વાગડિયા, ઊંડ-૪ વગેરે ડેમો ઓવરફ્લો થતાં જ વહીવટી તંત્ર દ્વારા ડેમના નિચાણવાળા વિસ્તારના લોકોને નદીના પટ્ટમાં અવરજવર ન કરવા સુચના આપવામાં આવી છે.

જામનગર તાલુકાના વસઈમાં સાડા ત્રણ ઇંચ, લાખાબાવળમાં સવા બે ઇંચ, મોટી બાણુંગારમાં ૧ ઇંચ, જામવંથલીમાં ૨ ઇંચ, મોટી ભલસાણમાં ૧ ઇંચ, અને દરેડમાં ૩ ઇંચ વરસાદ નોંધાયો છે. જોડીયાના બાલંભામાં ૧ ઇંચ ધ્રોલના જાલીયા દેવાણીમાં ૧ ઇંચ વરસાદ નોંધાયો છે.

# ગુજરાતમાં ચાંદીપુરાના ૮૮ કેસ નોંધાતા હાહાકારઃ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે શંકાસ્પદ કેસો અંગે કરી સમિક્ષા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**



મુખ્યમંત્રી દ્વારા તાજેતરમાં જિલ્લા અને કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, અને જિલ્લા/કોર્પોરેશનની મેડિકલ કોલેજ, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના અધિક્ષક, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, આરોગ્ય અધિકારી મહાનગરપાલિકા, મુખ્ય જિલ્લા તબીબી અધિકારી વગેરેની વિડિયો કોન્ફરન્સના માધ્યમથી દૈનિક મોનિટરિંગ અને સુપરવિઝન તેમજ જાહેર જનતાને રોગચાળા નિયંત્રણ અને અટકાયતી કામગીરીથી માહિતગાર કરવા માટે સૂચના આપી હતી.

સાબરકાંઠા જિલ્લામાં જીએમઇઆરએસ મેડિકલ કોલેજ ખાતે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે વાયરલ એન્કેફેલાઇટીસ (ચાંદીપુરા)ના શંકાસ્પદ કેસો અંગે સમીક્ષા કરી હતી. આ પ્રસંગે મંત્રી એ બાળ દર્દીઓની મુલાકાત લઈ તેમની આરોગ્ય પૃચ્છા કરી હતી. ત્યારબાદ ઉપચારાત્મક બાબતો અંગે ડોક્ટરો સાથે ચર્ચા પણ કરી હતી.

ગુજરાત રાજ્યના વાયરલ એન્કેફેલાઇટીસના કુલ -૮૮ કેસો નોંધાયા છે. જે પૈકી સાબરકાંઠા ૩, અરવલ્લી ૨, મહીસાગર ૧, ખેડા ૧, મહેસાણા ૨, સુરેન્દ્રનગર ૧, અમદાવાદ કોર્પોરેશન ૧, ગાંધીનગર ૧, પંચમહાલ ૩, જામનગર ૧, મોરબી ૧, દાહોદ ૧, વડોદરા ૧, બનાસકાંઠા ૧, દેવભૂમિ દ્વારકા ૧, તેમજ કચ્છ ૧ જીલ્લામાંથી ચાંદીપુરા કુલ- ૨૨ કેસ પોઝીટીવ મળેલ છે.

ગુજરાત રાજ્યના ૮૮ કેસો પૈકી સાબરકાંઠા ૨, અરવલ્લી ૩, મહીસાગર ૨, ખેડા ૧,મહેસાણા ૨, રાજકોટ ૩, સુરેન્દ્રનગર ૧, અમદાવાદ કોર્પોરેશન ૩, ગાંધીનગર ૧, પંચમહાલ ૫, મોરબી ૩, ગાંધીનગર કોર્પોરેશન ૨, દાહોદ ૨, વડોદરા ૧, બનાસકાંઠા ૩, વડોદરા કોર્પોરેશન ૧ તેમજ દેવભૂમિ દ્વારકા ૧ એમ કુલ-૩૬ દર્દીઓ ના મૃત્યુ થયા છે. ગુજરાત રાજ્યના વાયરલ એન્કેફેલાઇટીસના ૪૬ દર્દી દાખલ છે તથા ૧૦ દર્દીઓને રજા આપેલ છે. આ ઉપરાંત રાજસ્થાનના કુલ ૩ કેસો જેમાં ૨ દર્દી દાખલ છે તેમજ ૧ દર્દી મૃત્યુ પામેલ છે. તથા મધ્ય પ્રદેશનાં ૨ કેસો મા ૨ દર્દી દાખલ છે.

આરોગ્યની ટીમ દ્વારા કુલ ૨૨,૦૧૭ ઘરોમાં સર્વિલન્સની કામગીરી કરવામાં આવેલ છે. કુલ ૧,૩૬,૭૦૬ કાચા ઘરોમાં મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ/સ્પ્રેઈંગ કામગીરી કરવામાં આવેલ છે.

# જામજોધપુર તાલુકાના સોગઠી ડેમમાં ગાબડું પડતા જિલ્લા વહીવટી તંત્ર બન્યું સતર્ક

## લાલપુર પ્રાંત અધિકારી સિંચાઈ વિભાગના ઈજનેર તથા મામલતદાર જામજોધપુરે ડેમ સાઈટ ખાતે પહોંચી સમગ્ર સ્થિતિનો તાગ મેળવ્યો

**મુખ્ય સમાચાર, વિજય બગડા**

**જામજોધપુર:** ભારે વરસાદને કારણે જામજોધપુર તાલુકાના જસાપર પાસે આવેલ સોગઠી ડેમમાં ગાબડું પડવાથી જિલ્લા વહીવટી તંત્ર તથા પોલીસ તંત્ર સતર્ક બન્યું છે.હાલ લાલપુર પ્રાંત અધિકારી અસવાર, સિંચાઈ વિભાગના ઈજનેર અકબરી, જામજોધપુર મામલતદાર કેતન વાઘેલા તથા તાલુકા વિકાસ અધિકારી બલદાણીયા વગેરેએ ડેમ સાઈટની સ્થળ મુલાકાત લઈ સમગ્ર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.જો પાણીનું વહેણ વધે અને જાનમાલનું નુકસાન અટકાવવા લોકોનું સ્થળાંતર




કરવાની સ્થિતિ ઉભી થાય તો હેઠવાસમાં આવતા દરેક ગામોમાં નાયબ મામલતદાર, તલાટી સહિતના સ્ટાફની જરૂરી કાર્યવાહી કરવા પ્રાંત અધિકારી લાલપુર દ્વારા ફાળવણી કરવામાં આવી છે. મામલતદાર કચેરી જામજોધપુરના ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ખાતે પણ પળેપળની જરૂરી વિગતો મેળવી તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# વાંકાનેરના મેસરીયા ગામે સહકારી મંડળીની ચૂંટણીમાં બબાલ, ભાજપ-કોંગ્રેસના કાર્યકરો બાખડયા

## ભાજપ પક્ષના સભ્યો દ્વારા બેંકના પ્રતિનિધિને મતદાન કરતા રોકતા થઈ બબાલ:કોંગ્રેસ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના મેસરીયા ગામે સહકારી મંડળીની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ બંને પક્ષે સરખા સભ્યો ચૂંટાયા હતા તેથી ગઈકાલે ચૂંટણી બાબતે એક બેઠક બોલાવી તેમાં બેંકના પ્રતિનિધિ તરીકે મતદાન કરવા આવેલ બેંક મેનેજરને મતદાન કરતા અટકાવવા મામલે બંને પક્ષના સભ્યો વચ્ચે ઉગ્રતા બાદ મારામારી શરૂ થઈ હતી. જેમાં એક કારને આગ ચાંપી દેવામાં આવી હતી. બનાવની જાણ પોલીસને થતા વાંકાનેર વિભાગના ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ત્યારે ઇજાગ્રસ્તોને રાજકોટ સારવાર અર્થે




ખસેડાયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર વાંકાનેરના મેસરીયા ગામે અગાઉ સહકારી મંડળીની ચૂંટણી યોજાઈ હતી જેમાં ભાજપ-કોંગ્રેસના સરખા સભ્યો ચૂંટાયા હતા. જેથી બે પક્ષ વચ્ચે નિર્ણય લેવા ગઈકાલે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સહકારી બેંકના પ્રતિનિધિના મતદાન માટે નિર્ણય લેવાયો હતો કેમ કે બેંક પ્રતિનિધિ એવા સહકારી બેંકના મેનેજરનો મત નિર્ણાયક હોવાથી બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થયા બાદ સામસામે મારામારી ચાલુ થઈ હતી જેમાં અશ્વિનભાઈ રાઠોડ અને કેશુભાઈ સાંકડીયા નામના બે વ્યકિત ઇજાગ્રસ્ત થયા હતા. ત્યારે બંને પક્ષની ઉગ્રતામાં બહાર પડેલ એક કારમાં આગ ચાંપી દેતા કાર ભડભડ થઈ સળગી ઉઠી હતી.

ઉપરોક્ત આગ ચંપીની ઘટનાની જાણ મોરબી ફાયર વિભાગને કરાતા ફાયરની એક ટીમ સ્થળ ઉપર પહોંચી ગયી હતી ત્યારે બનાવ અંગે વાંકાનેર વિભાગના ડીવાયએસપી સહિતનો પોલીસ કાફલો બનાવ સ્થળે પહોંચી પરિસ્થિતિ કાબુમાં લઈને વધુ તપાસ શરૂ કરી હતી. ત્યારે પ્રાથમિક તપાસમાં બેંક પ્રતિનિધીને ભાજપના સભ્યો દ્વારા મતદાન કરતા રોકવામાં આવતા સમગ્ર બબાલ થઈ હોવાનો કોંગ્રેસના સભ્યો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો. હાલ તો મારામારી અને આગ ચંપીના બનાવ મામલે પોલીસે આગળની તપાસ શરૂ કરી છે. ત્યારે હજુ સુધી સમગ્ર બનાવની પોલીસ ફરિયાદ થઈ હોવાની હાલ કોઈ માહિતી મળી નથી.

# ઉપલેટાના ગ્રામ્ય વિસ્તારમાં અતિ ભારે વરસાદના કારણે થયેલ નુકશાનીનું સર્વે કરાવી વળતર ચૂકવવા માંગણી કરતા પૂર્વ ધારાસભ્ય લલિતભાઈ વસોયા

**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** ઉપલેટા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે થી અતિભારે વરસાદ વરસ્યો હોય ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પાયે નુકસાન થયું હોવાથી ઉપલેટા ધોરાજી પૂર્વ ધારાસભ્ય લલિત ભાઇ વસોયા એ મુખ્યમંત્રી પત્ર લખી ને જણાવેલ કે નુકસાની સર્વે કરીને તાત્કાલિક ધોરણે વળતર ચૂકવવા મા આવે.

ઉપલેટા તાલુકાના સમઢીયાણા, ચીખલીયા,લાઠ, તલગણા, મજેઠી, ભીંમોરા, કુઢેચ, તણસવા, મેરવદર, ઢાંક વિવિધ ગામો મા ભારે વરસાદ પડવાના કારણે ખેતરો મા ધોવાણ થઈ ગયું છે. ભારે થી અતિ ભારે વરસાદ ને કારણે ખેતરો મા પાણી ભરેલા રહેતા ખેડૂતો એ વાવેલ પાક ત્યાર થાય તે પેલા બળી





ગયા છે જેના કારણે ખેડૂતો ને પારાવાર નુકસાન થયું છે સાથે સાથે ખેતરો ધોવાઈ જવાના કારણે ખેતર મા રહેલ ફળદ્રુપ માટી ધોવાઈ ગયેલ છે જેમના કારણે ખેડૂતો ને નુકસાની ભોગવવી પડશે તેવી પત્ર દ્વારા રજૂઆત કરીને મુખ્યમંત્રી તાત્કાલિક સર્વે કરાવી ને વળતર ચૂકવવા માંગળી કરેલ છે.

# મોરબીમાં ચોરાઉ બાઇક સાથે રીઢા બુટલેગરને ઝડપી લેવાયો

**મુખ્ય સામચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે વાવડી ચોકડી નજીકથી ચોરાઉ બાઇક સાથે નીકળેલ રીઢા બુટલેગરને ઝડપી લેવાયો હતો. હાલ પોલીસે શહેર વિસ્તારમાંથી ચોરી કરેલ બાઇક કબ્જે લઈ આરોપી સામે બાઇક ચોરી અંગેનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી શહેરમા લગાવેલ નેત્રમ સી.સી.ટીવી.કેમેરા તેમજ હ્યુમન સોર્સીસ આધારે સીટી એ ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળેલ કે ચોરીના મોટર સાયકલ લઈ આરોપી વાવડી ચોકડીથી આગળ નીકળવાનો છે, જેથી પોલીસ ટીમ વોચમાં રહેલ તે દરમ્યાન વાવડી ચોકડીથી આરોપી ચોરાઉ મોટર સાયકલ સાથે નિકળતા તેની પાસે મોટરસાયકલના જરૂરી દસ્તાવેજી પુરાવા માંગતા તેની પાસે ન હોવાનું જણાવતા પોકેટ કોપથી સર્ચ કરતા આ મોટર સાયકલ મોરબી શહેર વિસ્તારમાંથી ચોરી કર્યું હોવાનું સામે આવ્યું હતું. આ સાથે આરોપી હનીફભાઈ કાસમભાઈ સંધવાણી ઉવ.૩૦ રહે.સંધવાણી શેરી માળીયા(મી) જી.મોરબીની અટક કરી કરી તેની પાસેથી એક સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ કિ.રૂ.૫૦,૦૦૦/- કબ્જે કર્યું હતું.



વધુમાં ચોરાઉ બાઇક સાથે પકડાયેલ આરોપી હનીફભાઈ સંધવાણી માળીયા(મી) પોલીસ મથકમાં પ્રોહીબિશનના અલગ અલગ ત્રણ ગુનામાં પોલીસ ચોપડે નામ નોંધાવી ચુક્યો છે.

# મંત્રી રાઘવજીભાઈ પટેલે મહેસુલ, માર્ગ અને મકાન વિભાગ તથા નગરપાલિકાના પ્રશ્નો અંગે અધિકારીઓ સાથે બેઠક યોજી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં મંત્રી રાઘવજીભાઈ પટેલે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), ગુજરાત ગેસ, ધ્રોલ નગરપાલિકા અને કલેક્ટર કચેરીના અધિકારીઓ સાથે જિલ્લાના પડતર પ્રશ્નોના નિરાકરણ સંદર્ભે બેઠક યોજી હતી. બેઠકમાં મંત્રીએ જામનગરમાં નવા મંજુર થયેલ એસ.ટી.બસ સ્ટેન્ડનું કામકાજ, વૈકલ્પિક એસ.ટી.બસ સ્ટેન્ડ શરુ કરવું, જામનગર મહાનગરપાલિકાના અલગ અલગ વિસ્તારોમાં નવી રાશનની દુકાનો શરુ કરવી સહિતના કામો તાત્કાલિક ધોરણે પુર્ણ કરવા ઉપસ્થિત અધિકારીશ્રીઓને જણાવ્યું હતું.તેમજ ધ્રોલ અને કાલાવડ તાલુકામાં માંગણી મુજબ ગેસના નવા કનેક્શન ફાળવવા, નાઘેડી, ચેલા, લાખાબાવળ, સમાણા વિસ્તારોમાં ગેસના કનેક્શન ફાળવવા, ધ્રોલમાં જર્જરિત રસ્તાઓનું રીપેરીંગ કામ હાથ ધરવું, ડી.ટી.ટી. પાવડરનો છંટકાવ કરાવવો, નિયમિત સાફ સફાઈ કરાવવી,




ડમ્પિંગ સાઈટ ખાતે કચરાનું નિયમિત ડમ્પિંગ કરાવવું, લાલપુર સમાણા તથા અલીયા કાલાવડ રોડનું સમારકામ કરાવવું, જાંબુડા જોડીયા રોડ વાઈડનીંગ કરાવવું, ઘુંવાવ ગામે પાણીની પાઈપલાઈનનું કામ વગેરે મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ લોકોપયોગી કામો અંગત લક્ષ લઈને તાત્કાલિક રીતે પૂર્ણ કરવા કૃષિ મંત્રીએ ઉપસ્થિત સર્વે અધિકારીઓને જણાવ્યું હતું.ઉક્ત સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટર બી.કે.પંડયા, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, જામનગર મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર, કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ અને પંચાયત, ચીફ ઓફિસર ધ્રોલ નગરપાલિકા, ગુજરાત ગેસ અને કલેક્ટર ઓફિસના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# જામનગરમાં કોલેરાના વધુ બે કેસ નોંધાયા

## એક વર્ષની બાળકી અને 30 વર્ષ નો યુવાન કોલેરાગ્રસ્ત બનતા બંનેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કોલેરાના વધુ બે કેસ નોંધાયા એક વર્ષની બાળકી અને ૩૦ વર્ષ નો યુવાન કોલેરા ગ્રસ્ત બનતા બંનેને સારવાર માટે હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યા.જામનગરમાં કોલેરાના વધુ બે કેસ નોંધાયા છે. એક વર્ષની બાળકી અને ૩૦ વર્ષ નો યુવાન કોલેરા ગ્રસ્ત બનતા બંનેને સારવાર માટે હોસ્પિટલ માં દાખલ કરવામાં આવ્યા છે. જામનગરમાં છેલ્લા દોઢેક માસ થી કોલેરાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે આજે વધુ બે કેસ નોંધાતા આરોગ્ય વિભાગ ની દોડધામ વધી જવા પામી છે.શહેરનાં એક પરિવારની માત્ર એક વર્ષની બાળકીને કોલેરા થતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. જ્યારે ૩૦ વર્ષના યુવાનને પણ ઝાડા થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યારે બીજી તરફ જામનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા આ વિસ્તાર માં આનુસંગિક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છેકે, જામનગર શહેર વિસ્તારોમાં છેલ્લા દોઢેક માસથી કોલેરાના કેસમાં વધારો થઇ રહ્યો છે જેના પગલે મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ પણ હરકતમાં આવી છે.

# ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ વિદ્યાર્થી ભવનના ચેરમેન નરસિંહભાઈ સવાણીનો આજે ૮૧મો જન્મ દિવસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ હાલાર મોટી નાત માં અષાઢ માસ નહીં, પણ બારે માસ વરસી પડે એવા સમાજ સેવક મુળ ગામ બાલંભા વતની સમાજ સેવક નરસિંહભાઈ મનજીભાઈ સવાણી આજ રોજ તા. ૨૩/૦૭/૨૦૨૪ નાં રોજ જીવન ના ૮૦ વર્ષ પૂરા કરી ૮૧ માં જન્મ દિવસે સેવા ભાવ પુરું સાર્થ સાથે ઉજવી રહ્યા છે.



તેવો ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ હાલાર મોટી નાત પૂર્વ પ્રમુખ, ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સમસ્ત સંચલિત રાજકોટ મોહન માંડણ વિદ્યાર્થી ભવન માં ૨૦૧૩ થી ચેરમેન ની સેવા નિભાવી રહીયાં છે. રાજકોટમાં બાલંભા, માનપર અને રણજીતપર ગામનાં સંગઠન મંડળના પ્રમુખ તરીકે ની સુ-વિસ્ટ જવાબદારી તેમજ ચાર આકાઈ સોલંકી પરિવાર બહુચરાજી માતાજી મંદિર (બાલંભા) નાં પ્રમુખ તરીકે પોતાના સૂઝ બૂઝ થી નેતૃત્વ સાંભાળી રહિયા છે. પોતે રાજકોટ સાથે સુરતમાં બાંધકામ ક્ષેત્રે પ્રગતિ સર કન્ટ્રકશનમાં પોતાનો આગો વ્યવસાય પણ ચલાવી રહ્યા છે. ત્યારે તેમને જન્મ દિવશ નિમેતે સામાજિક સેવા ક્રિયા સંસ્થાઓના આગેવાંનો, રાજકીય અગણિઓ, સાધુ સંતો, યુવાનો દ્વારા શુભેચ્છા નો ધોધ વરસી રહ્યો છે.

# જામનગર મહાનગરપાલિકાના શાસક અને વિપક્ષ દ્વારા નવા નીરના વધામણાં કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાના શાસક પક્ષ અને વિપક્ષ સહિતના લોકો દ્વારા નવા નીર ના વધામણાં કરાયા.જામનગર શહેરનો જીવા દોરી સમાન અને પાણી પૂરું પાડતો રાજાશાહી વખતનો રણજીત સાગર ડેમ ઓવર ફ્લો થતાં અને નવા નીર ના વધામણા કરવા માટે જામનગર મહાનગરપાલિકાના શાસક પક્ષ અને વિપક્ષ સહિતના લોકો દ્વારા નવા નીર ના વધામણા કરવામાં આવ્યા. તેમાં ધારાસભ્ય, મેયર વિનોદ




ખીમસુરીયા ડેપ્યુટી મેયર સહિત દ્વારા રજીતસાગરમાં નવા નિર્માણના વધામણા કરવામાં આવ્યા હતા.

વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસ દ્વારા શહેરમાં આવેલા નવા નિરના વધામણા કર્યા હતા જેમાં લાખોટા તળાવ રણજીતસાગર ડેમ રસોઈ ડેમ સહિતના બે મને તળાવમાં નવા મેળ આવ્યા હતા તેને વધામણા કર્યા હતા.જયારે સૌપ્રથમ શહેર ને જીવા દોરી સમાન રણજિત સાગર ડેમ ગઈકાલે ઓવર ફ્લો થયો ત્યાર બાદ આજરોજ શહેરને પાણી પૂરું પાડતો સોસાય ડેમ જે ખેડૂતોને પણ સિંચાઈ માટે પાણી પૂરું પાડવામાં આવે છે તે ડેમ પર અવર ફ્લો થતાં કોંગ્રેસ અને વિરોધ પક્ષના નેતા સહિત કોર્પોરેટર દ્વારા નવા નિર્માણ ના વધામણા કરવામાં આવ્યા હતા. જ્યારે જામનગર શહેર ના જીવા દોરી સમાન બંને ડેમ રણજીત સાગર અને સસોઈ ડેમ ઓવરફ્લો થતા ભાજપ કોંગ્રેસ શાસક પક્ષ અને વિપક્ષ દ્વારા નવા નિર ના વધામણા કરવામાં આવ્યા હતા.

# રાજુલાના ડુંગર ગામે ભડકનસ્વામી બાપુના આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમાં મહોત્સવની ભાવપૂર્ણ ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા તાલુકાના ડુંગર ગામે આવેલ ભડકનસ્વામી બાપુના આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવને લઇ વિવિધ કાર્યક્રમ યોજાયા હતા. જેમા ગુરૂપૂજન, ધ્વજા પૂજન, ચરણપાદુકા પૂજન, મહાપ્રસાદ તેમજ સંતવાણીનું પણ આયોજન કરવામાં આવ્યું. અને લોકસાહિત્ય કાર જીલુદાન ગઢવી તથા જગુબાપુએ રમઝટ બોલાવી હતી. દર વર્ષેની જેમ આ વર્ષે પણ ભડકનસ્વામી બાપુના આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ તકે મહા પ્રસાદના દાતાશ્રી લાલજીભાઇ માયાભાઇ કવાડ હતાં. આ તકે દિનેશભાઇ કવાડ, કરશનભાઇ કવાડ, મગળભાઇ કવાડ, નનાભાઇ કવાડ, અરજણભાઇ કવાડ, મનસુખભાઇ સુદાણી,બચુભાઇ જીંજાળા, મનુભાઇ કવાડ, મોહનભાઇ કાકલોતર



સહિત મોટી સંખ્યામા ભાવિ-ભક્તો હાજર રહ્યાં હતાં. અને પધારેલા તમામ ભક્તોનો જગુબાપુએ આભાર વ્યક્ત કર્યો હતો

# વાંકાનેરમાં ૩૫ વર્ષીય યુવકે ઝેરી દવા પી લેતા સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર વાંકાનેરના ભરવાડપરામાં રહેતા ગોપાલભાઇ દેવાભાઇ ગમારા ઉવ.૩૫ એ ગઈકાલે પોતાના ઘરે કોઈ કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા તેને સારવાર અર્થે વાંકાનેર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી વધુ સારવારમાં રાજકોટ રીફર કરતા રાજકોટ લઇ જતી વેળા રસ્તામાં જ ગોપાલભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે મૃત્યુ અંગે મૃતકના ભાઈ અશોકભાઈ દેવાભાઈ ગમારાની જાહેર કરેલ વિગતોની આધારે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ કરી અમૃત્યુની અંગેની વધુ તપાસ શરૂ કરી છે.

# હળવદના માનસર ગામ નજીક એસટી બસની ઠોકરે બાઈક સવાર યુવકનું કરૂણ મૃત્યુ

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ મોરબી હાઇવે રોડ ઉપર વધુ એક માર્ગ અકસ્માતના બનાવમાં આશાસ્પદ યુવકનું મૃત્યુ નિપજતા મૃતકના પરિવારમાં શોક પ્રસરી ગયો હતો, જેમાં સુ.નગર-મોરબી રૂટની એસટી બસના ચાલકે બેદરકારીથી બસ ચલાવી સામેથી આવતા બાઇકને હડફેટે લેતા બાઇક ચાલક યુવકને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

અકસ્માત અંગેની મળતી માહિતી અનુસાર ગત તા. ૨૧/૦૭ના રોજ સુરેન્દ્રનગર-મોરબી રૂટની બસ જેના રજી.નં. જીજે-૧૮-ઝેડ-૬૫૭૫ના ચાલકે હળવદ-મોરબી રોડ ઉપર પોતાના હવાલવાળી બસ બેદરકારી તથા ગફલતભરી રીતે રોડ ઉપર ચલાવી હળવદના માનસર ગામ નજીક નાળા પાસે સામેથી આવતા હીરો કંપનીના સીડી ડિલક્સ બાઇક રજી.નં. એમપી-૪૬-એમટી-૫૦૬૦ને જોરદાર ટક્કર મારતા બાઇક ચાલક રાકેશભાઈ છગનભાઇ ડાવર ઉવ.૨૪ને શરીરે અને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. જેથી તેનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે અકસ્માતમાં મૃત્યુના બનાવ મામલે મૃતકના કુટુંબી ભાઈ કમલ તારાચંદ ડાવર ઉવ.૨૪ હાલ રહે.લખધીરપુર ગામ લીવોલા ગ્રેનીટો મુળરહે.એકલવારા મધ્યપ્રદેશની ફરિયાદને આધારે હળવદ પોલીસે આરોપી એસટી બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# જામનગરમાં ઉંદરને પકડવા માટે ગ્લુટ્રેપના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર અને જિલ્લા કલેક્ટર, જામનગરની સૂચના અનુસાર સમગ્ર જામનગરમાં ઉંદરને પકડવા માટે ઉપયોગમાં લેવામાં આવતા ગ્લુટ્રેપ, ગ્લુ બોર્ડ અથવા સ્ટીકી ટ્રેપ glue trap પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ પ્રકારના ગ્લુ ટ્રેપને કારણે પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ- ૧૯૬૦ ના નિયમ ૧૧ ની પેટા કલમ (૫) નો ભંગ થાય છે અને નિર્દોષ ઉંદરને યાતના ભોગવવી પડતી હોવાથી સમગ્ર જામનગર જિલ્લામાં ગ્લુટ્રેપના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ કરવા પર




પ્રતિબંધ મૂકવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોગ્ય નિર્દેશો કરવામાં આવ્યા છે.ઉંદરોનું નિયંત્રણ થાય તે ઈચ્છનીય છે. પરંતુ તે માટે ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિ પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ- ૧૯૬૦ અને તેના હેઠળના નિયમો સાથે સુસંગત બને તે જરૂરી છે. ગ્લુટ્રેપના ઉપયોગથી ઉંદરોને ડીહાઇડ્રેશન, ભૂખમરા, ગુંગળામણ થાય છે અને તેને ખુબ જ પીડા પહોંચે છે. તેથી ઉંદરોનું ખૂબ જ પીડાદાયક મૃત્યુ થાય છે.ઉંદરોની વસ્તીના નિયંત્રણ માટે અન્ય માનવીય ઉપાયો પણ અમલમાં મુકવામાં આવ્યા છે. તેથી ગ્લુ ટ્રેપ જેવી પીડાદાયક પદ્ધતિ પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.તેમ સભ્ય સચિવ, પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી,જામનગર અને નાયબ પશુપાલન નિયામક,જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મિત્રની પત્ની સાથે આડા સંબંધ રાખનાર યુવાનની હત્યા

## થોરાળાના ગોકુલનગરનો યુવાન ત્રણ દિવસથી લાપતા હતો, આજી નદીના પટ્ટમાંથી લાશ મળીઃ પોલીસે બે શખ્સોની કરી ધરપકડઃ એકની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આજી નદીના પટ્ટમાંથી યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. ગોકુલપરા વિસ્તારનો યુવક ત્રણ દિવસથી લાપતા હતો અને મિત્રની પત્ની સાથેના આડા સંબંધને કારણે મિત્ર સહિત બે શખ્સે પથ્થરના ઘા ઝીંકી પતાવી દીધો હતો. પોલીસે બંને આરોપીને ઉઠાવી લઈ તપાસ આગળ ધપાવી હતી. આજી નદીના પટ્ટમાં યુવકની લાશ પડી હોવાની માહિતી મળતાં થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઈ વાઘેલા સહિતની ટીમ દોડી ગઈ હતી. પોલીસે તપાસ કરતાં મૃતક થોરાળા વિસ્તારના ગોકુલપરામાં રહેતો અને ગત તા.૨૦ના લાપતા થઈ ગયેલો નીતિન



(તસ્વીરઃ આનંદ જાવિયા)



પરસોત્તમભાઈ સોલંકી (ઉ.વ.૨૧) હોવાનું ખુલ્યું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, નીતિન સોલંકી મજૂરીકામ કરતો હતો અને અગાઉ તેણે પ્રેમલગ્ન કર્યા હતા. જોકે બાદમાં પ્રેમિકા સાથે મનમેળ નહીં રહેતા બંને વચ્ચે છૂટાછેડા થઇ ગયા હતા. છૂટાછેડા બાદ એકલવાયું જીવન જીવતા નીતિનની નજર તેના મિત્રની પત્ની પર પડી હતી અને બંને વચ્ચે સંબંધ બંધાયા હતા. મિત્રને આ બાબતે જાણ થતાં અગાઉ બંને વચ્ચે બોલાચાલી થઈ હતી, પરંતુ નીતિને સંબંધનો અંત આણ્યો નહોતો. જેથી પત્નીના પ્રેમીને પતાવી દેવાનો નિર્ણય કર્યો હતો. ગત તા.૨૦ની રાત્રીના નીતિન પોતાના ઘરેથી નીકળ્યા બાદ લાપતા થઇ ગયો હતો. નીતિનના ગુમ થવા અંગે તેના પિતા પરસોત્તમભાઇ સોલંકીએ પોલીસમાં જાણ કરતાં થોરાળા પોલીસ નીતિનને શોધી રહી હતી ત્યાં સોમવારે રાત્રે તેની લાશ મળી આવી હતી. પોલીસે મનોજ અને કરણ નામના શખ્સને ઉઠાવી લીધા હતા. યુવક ૨૦મીએ ગુમ થયા બાદ તા.૨૧ના જ તેની પથ્થરના ઘા ઝીંકી હત્યા કરી દેવાયાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. થોરાળા પોલીસે મૃતકના ભાઈ ધીરૂ કીશન પરસોતમ સોલંકીની ફરિયાદ નોંધી આરોપી મનોજ પ્રવિણ મકવાણા તથા કરણ હેમત રાઠોડ સામે ગુનો નોંધી એક શખ્સની અટકાયત કરી અન્ય એકની શોધખોળ આદરી છે.

# દુષ્કર્મના કેસમાં ફરાર ખીરસરા ગુરૂકુળના સ્વામી સામે પકડ વોરંટ ઈશ્યુ

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ભાયવાદર પાસેના વિવાદાસ્પદ ખીરસરા ગુરુકુળના સ્વામી ધર્મસ્વરૂપદાસ સામે યુવતીએ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં પોલીસે સ્વામીને પકડવા માટે અલગ- અલગ જગ્યાએ શોધખોળ હાથ ધરી હતી પરંતુ સ્વામી ધર્મસ્વરૂપ મળી ન આવતા પોલીસે અદાલત સમક્ષ વોરંટ ઇસ્યુ કરવાની માંગણી કરતાં ધોરાજી કોર્ટે સ્વામી સામે પકડ વોરંટનો હુકમ અદાલતે ફરમાવ્યો હતો.

આ અંગે જાણવા વિગતો ખીરસરા ગુરુકુળનો દુષ્કર્મનો બનાવ સામે આવ્યો હતો. પીડિત યુવતીએ ફરિયાદ કરી હતી, કે સ્વામી ધર્મ સ્વરૂપદાસ ગુરુ નારાયણ સ્વરૂપદાસજીએ તેણીને લગ્નની વાત કરેલી અને ફસાવી વારંવાર શરીર સબંધ બાંધતા ગર્ભ રહી ગયો હતો. ગર્ભપાત માટેની પણ પ્રક્રિયાઓ કરી



હતી. તેવી ફરિયાદ કર્યા બાદ તપાસ કરનાર અધિકારી મહિલા યુનિટ ગોંડલના પોલીસ ઇન્સ્પેકટર આર.એમ.રાઠોડે ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સમક્ષ રજૂઆત કરી હતી કે તેઓ આરોપીને શોધવા માટે પીપલાણા વંથલી, રાપર, હશબ ને પણ અરજી કરવામાં આવેલી છે. જેમાં સ્વામી ? હળવદ તેમજ ભાયાવદર પણ તપાસ કરી હતી પરંતુ તે ? ધર્મસ્વરૂપદાસના પાસપોર્ટ નંબર ઉ૮૨૭૨૭૬૦ હોવાની ? સ્વામી મળી આવ્યા નથી.

ક્યાંય મળી રહ્યા નથી અને ગંભીર ગુન્હો તેમના ઉપર છે એવા સંજોગોમાં ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ હાજીઅલી હુસેન મોહીબુલ્લા શેખ સમક્ષ વોરંટ ઇસ્યુ કરવા માટેની માંગણી કરવામાં આવી હતી. જેમાં આરોપી વિદેશ ભાગી જાય તેવી શક્યતાને ધ્યાનમાં લઈ અદાલત દ્વારા પકડ વોરંટનો હુકમ કરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, સ્વામી નારાયણ સ્વરૂપને આગોતરા જમીન આવા સંજોગોમાં તેમના પાસપોર્ટ બ્લોક કરવા માટે આપવામાં આવ્યા છે છતાં તે તપાસ માટે પોલીસ સમક્ષ હાજર થઈ રહ્યા નથી. આવા સંજોગોમાં પોલીસે તે અંગે પણ આગળની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે. તેવું અને તે અંગેની તપાસ પણ કરી છે. સ્વામી ધર્મસ્વરૂપદાસ / જાણવા મળી રહ્યું છે.

# ચોટીલા-લીંબડી હાઈવે પર બાયોડિઝલના હાટડા પર એસએમસી ત્રાટકી

## સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે સ્થાનિક પોલીસને દૂર રાખી દરોડો પાડયોઃ૧૬૫૯૦ લીટર બાયોડિઝલનો જથ્થો કબજે કરી બે શખ્સોની ધરપકડ કરી ટ્રક સહિત રૂ.૨૫.૫૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો


**મુખ્ય સમાચાર રાજકોટ**

ગુજરાતમાં ચાલતા અવેધ ધંધાઓ પર સ્થાનિક પોલીસની મીલીભગતથી પૂર જોશમાં ચાલતા હોવાથી સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે બાતમી દારોનું નેટવર્ક કામે લગાડી આવા ગેરકાયદેસર પ્રવૃતિઓ પર બાજ નજર રાખી છે ત્યારે ચોટીલા-લીંબડી હાઈવે પર આવેલા નાયરા પેટ્રોલપંપની બાજુમાં ધમધમી રહેલા બાયોડિઝલના હાટડા પર દરોડો પાડી રૂ.૨૫.૫૪ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમના પીએસઆઈ જે.ડી.બારોટ







સહિતના સ્ટાફે ચોટીલા સ્થાનિક પોલીસને ઘટી રાખી ચોટીલા-લીંબડી હાઈવે પર આવેલા નાયરા પેટ્રોલપંપની બાજુમાં યુપી-બિહાર-જારખંડ ધાબાની આગળ આવેલી ઓરડીમાં ચાલતા બાયોડિઝલના ગેરકાયદે વેંચાણના હાટડા પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન એસએમસીની ટીમે રૂ.૧૨.૧૧ લાખની કિંમતનું ભેળસેળ વાળું ૧૬૫૯૦ લીટરનો જથ્થો અને સ્થળ પર થી વિજય દિનેશ સુરેલા (રહે.શિવશક્તિ સોસાયટી ચોટીલા) તથા દિનેશ છગન પરમાર (રહે.કોલકી બાયપાસ રોડ ઉપલેટા) નામના ટ્રક ડ્રાઈવર સહિત બે શખ્સોની ધરપકડ કરી બે મોબાઈલ એક ટ્રક, ૨૬ હજાર રોકડા, સાત પ્લાસ્ટિકની ટાંકી, નોઝલ મશીન સહિત કુલ રૂ.૨૫.૫૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઝડપાયેલા વિજય સુરેલાની આકરી પુછપરછ કરતા આ ગેરકાયદેસર બાયોડિઝલનો પંપ ચલાવનાર દિવ્યરાજ ઉર્ફે દેવુ સુરેશ વાળા (રહે.જુની ટોકીટની બાજુમાં ચોટીલા) અને ડિઝલની જથ્થો પુરો પાડનાર વેપારી સહિત બે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# સામાકાંઠે ભગવતીપરામાં બે પાડોશી પરિવાર વચ્ચે ધીંગાણુ

## યુવતીને મેસેજ કરવા બાબતે માથાકૂટ થતાં બંધુ લીલા બિલ્ડર્સના કોન્ટ્રાકટર અને તેના પાડોશમાં રહેતા છોટુભાનું પરિવાર તલવાર, ધોકા અને પાઈપ વડે એકબીજા પર તૂટી પડયુ : બી ડિવિઝન પોલીસે સામસામે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ભગવતીપરામાં રહેતા બંધુ લીલા બિલ્ડર્સના કોન્ટ્રાક્ટર અને છોટુભાના પરિવાર વચ્ચે રાત્રિના તલવાર-ધોકા-પાઈપથી મારામારી થતા એક વૃદ્ધ તેમજ તેની સાથેના બે લોકોને ઈજા થઈ હતી તેમજ ટુવ્હીલર, કારમાં તોડફોડ કરવામાં આવી હતી. બનાવ અંગે સામસામી ફરિયાદ નોંધાતા બી ડીવીઝન પોલીસે હત્યાની કોશિશ, તોડફોડ, હુમલો, ધમકી સહિતની કલમ હેઠળ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે ભગવતીપરામાં બોરીચા સોસાયટી શેરીમાં રહેતા રણજીતસિંહ ખેંગારસિહ જાડેજા (ઉ.૬૫) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મયુર દેવાણંદ મઠીયા, સાગર દેવાણંદ મઠીયા, હિતેષ ચકુ મઠીયા, ભરત ચકુ મઠીયા અને તેમની બાજુમાં રહેતા લક્ષ્મણ મઠીયાના બે પુત્રોના નામ આપી જણાવ્યું હતું કે તેઓ તેમના પુત્ર સાથે રહે છે. તેમજ તેમના મોટા સાળીના પુત્ર છોટુભા ગાંડુભા જાડેજા (ઉ.૪૫) તેના પરિવાર સાથે જેમાં તેમનો દિકરો બ્રિજરાજસિંહ, દીકરી ધર્મિષ્ઠાબા જેમના લગ્ન થઈ ગયેલ છે. ધર્મિષ્ઠાબા અને ફરિયાદીની બાજુમાં દતાત્રેય સ્કુલવાળી શેરીમાં રહેતો મયુર મઠીયા સાથે અગાઉ મિત્રતા હોય જેથી બંને પરિવાર વચ્ચે બોલાચાલી થઈ હતી. અને બાદમાં સમાધાન થઈ ગયું હતું. ગઈકાલે તેઓ પોતાના ઘરે હતા ત્યારે શેરીમાં બોલાચાલીનો અવાજ આવતા તેઓ ઘરની બહાર નીકળેલ અને શેરીમાં જોતા છોટુભાના ઘરની બહાર શેરીમાં માણસો ઊભા હતા જેથી તેઓ ત્યાં પત્ની સાથે જતા ત્યાં છોટુભાનો પરિવાર અને તેમની ચારેક દિવસથી આંટો મારવા આવેલી પુત્રીને તેડવા માટે તેના પતિ યશપાલસિંહ ઝાલા આવેલ હોય જેઓ ત્યાં ઉભા હતા ત્યારે આરોપીઓ શેરીમાં હથિયારો સાથે ધસી આવેલ હતા.

આરોપીઓએ પોતાની પાસે રહેલ તલવાર અને ધોકાથી બ્રિજરાજસિહના બાઈકમાં ધોકાવાળી કરી નુકસાન કર્યું હતું. તેમજ તેમના જમાઈ યશપાલસિહની ઈનોવા કારના કાચ પણ ફોડી નાખી મારી નાખવાની ધમકીઓ આપી હતી. જયારે સામાપક્ષે ભગવતીપરા મહાકાળી સોસાયટી-રમાં બંધુ લીલા મકાનમાં રહેતા સાગર દેવાણંદભાઈ મઠીયા (ઉ.૨૮) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે છોટુભા જાડેજા, છોટુભાના દિકરા બ્રિજરાજસિંહ, છોટુભાની દિકરી ધર્મિષ્ઠાના પતિનું નામ આપતા જણાવ્યું હતું કે તેઓ બાંધકામને લગતો વ્યવસાય કરે છે તેમના નાનાભાઈ મયુરના લગ્ન થઈ ગયા છે. મયુરને અગાઉ સોસાયટીમાં રહેતા છોટુભા જાડેજાના દિકરી મિ સાથે મિત્રતા હોય બાદમાં બંને પરિવારને જાણ થતા સમાધાન કરી લીધુ હતું. ગઈકાલે તેઓ બાંધકામના ધંધાર્થે બેડીગામે ગયો ત્યારે મયુરે ફોન કરી બ્રિજરાજસિંહ, છત્રપાલસિહ સહિતના લોકો માથાકુટનો ખાર રાખી ઝગડો કરી ગાળો આપે છે કહેતા તેઓએ તેમના મોટાબાપુના દિકરા હિતેષને ફોન કરી મયુર પાસે જવાનું કહ્યું હતું.બાદમાં તે ત્રિમૂર્તિ ચોક પાસે પહોંચતા તેમનો ભાઈ મયુર સહિતના લોકો હાજર હતા તેમજ બ્રિજરાજસિંહ છત્રપાલસિંહ સહિતના ગાળાગાળી કરતા હતા તેમની સાથેના ચિરાગને આરોપીઓ ઢીકાપાટુનો બાદમાં રાત્રે સાડા નવ વાગ્યે તેઓ તેમના ભાઈ મયુર, પિતરાઈ હિતેષ, સંજય, મિત્ર ચિરાગ, છોટુભાના ઘરે માથાકુટની વાત કરવા ગયા હતા ત્યારે છોટુભા સહિતના ચારેય શખ્સોએ ગાળો દઈ છત્રપાલસિહે તેમના પર તલવારથી ઘા કરી માથામાં ગંભીર ઈજા પહોંચાડી હતી. ઉપરાંત ધર્મિષ્ઠાબાના પતિએ પણ તલવારથી હુમલો કર્યો હતો તેમજ તેમના નાનાભાઈ મયુરને પણ બ્રિજરાજસિહે તલવારનો ઘા ઝીં કી દેતા ગળામાં ગંભીર ઈજા પહોંચતા લોહીલુહાણ થઈ ગયો હતો તેમજ છોટુભાએ તેઓ તમામને ઢીકાપાટુનો માર મારી ગાળો દીધી હતી. બાદમાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ગોકુલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.જેથી આ મામલે બી ડીવીઝન પોલીસ મથકમાં ઈન્ચાર્જ પીઆઈ કે.જે.કરપડા અને ટીમે ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઝનાના હોસ્પિટલ ફરી વિવાદમાંઃ મહિલા તબિબે દર્દીને ધબ્બા માર્યાનો આક્ષેપ

## કેથેટર મૂકવાની દર્દીએ ના પાડતા લેડી ડોક્ટરે મગજ પરનો કાબૂ ગુમાવ્યાનો આક્ષેપઃ પોલીસ બોલાવતા ડોક્ટર લાપતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિવાદોના વમળમાં રહેતી ઝનાના હોસ્પિટલ પણ તઘલખી તબીબી સ્ટાફને લીધે વગોવાઈ રહી હોવાના બનાવો બની રહ્યા છે. ચાર દિવસ પહેલા ઝનાના હોસ્પીટલમાં ભાયાવદરની પ્રસુતા સાથે ફરજ પરના મહીલા તબીબે દાખવેલા અમાનવિષ વર્તનની જાણકારોમાં ટીકા થઈ રહી છે. બનાવ ભાબતે પ્રસુતાના પતિએ પોલીસને જાણ કરતા તા.૧૮/૭/૨૪ થી ગેરવર્તન કરનાર મહીલા તબીબ ભુગર્ભમાં ઉતરી ગયાનું પ્રસુતાના પતિએ જણાવ્યું હતું.

બનાવની મળતી મુજબ ભાયાવદરના અનુસુચિત જાતિના સંજયભાઈ સોલંકીના પત્ની રાધિકાબેનને





પ્રસવ વેદનાની સારવાર માટે ગત તા.૧૮ના રોજ ઝનાના હોસ્પીટલમાં દાખલ કરાયા હતા. જો કે ૭ માસનો ગર્ભ હોવાથી અને આંચકી જેવી બિમારીની સારવાર લેવાનું માની રાધિકાબેનને ઝનાનામાં દાખલ કરાયા દરમિયાન રાધિકાબેનને સારવારમાં યુરિનલ નળી મુકવાની થતી હોય ફરજ પરના તભીભે તે અંગેની સારવાર શરૂ કરવાનું કહેતા રાધિકાબેને ના પાડતા દર્દીની હાલત સમજવાને બદલે મહીલા તબીબે ઘડાવડ બે ધબ્બા રાધિકાબેનને મારી દીધા હોવાનું સંજયભાઈ સોલંકીએ જણાવ્યું હતું.

દરમિયાન પીસીઆર વાનને ભોલાવાતા પ્રસુતા સાથે ગેરવર્તન કરનાર મહીલા તબીબ રફુચક્કર થઈ ગયાનું ાધિકાબેનના પતિ સંજય સોલંકીએ જણાવ્યું હતું. પ્રસુતાના પતિએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે ૭રજ પરના મહિલાએ 'તમારે મરવું જ હતું તો અહીં શું કામ આવ્યા? પરે મરવું તુંને તેવા અણછાજતા શબ્દો ઉચ્ચારી માનવતા કોરાણે મુકી હતી. જાણકારોમાં આ બનાવની ભારે ચકચાર જાગી છે.

# રૂપિયા ૧.૩૭ કરોડની જુગારની હાર-જીતમાં રૂા.૬૪.૫૦ લાખની કડક બળજબરીથી ઉઘરાણી કરવાના ગુન્હામાં આરોપીઓને જામીન મુકત કરતી કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્મિત સખીયા તથા રવિ વેકરીયાએ હવાલો રાખી ફરીયાદી ઉપર લાયસન્સવાળી રીવોલ્વર મુકી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

સદરહુ બનાવની હકીકત જોવામાં ફરીયાદી પ્રિન્સ મનોજભાઈ ઠુંમર ધ્વારા ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે એવી ફરીયાદ આપવામાં આવેલ કે આરોપી ઉતમ વિરડીયાએ આ કામના ફરીયાદીને મોબાઈલમાં જુગાર રમવાની આઈ.ડી.આપેલ હતી અને તેમાં ફરીયાદી પ્રથમ રૂા.૫,૦૦,૦૦૦/- હારી ગયેલ જે તેણે કારખાનેથી તેના પિતાની જાણ બહાર ખાના માંથી કાઢી લઈ આરોપીને ચુકવી આપેલ હતા ત્યારબાદ આશરે ૪ થી ૫ માસ દરમ્યાન કુલ રૂા.૧.૩૭ કરોડની હારજીત થયેલ હતી જેમાં ફરીયાદીએ આરોપીને રૂા.૭૧,૫૦,૦૦૦/- ચુકવી આપેલ હતા તેમજ ફરીયાદી જુગારમાં રૂપિયા જીતી જતા રૂા.૩૬,૦૦,૦૦૦/- આરોપી પાસેથી મેળવેલ હતા ત્યારબાદ બાકી રહેતા રૂા.૬૪,૫૦,૦૦૦/- ની આરોપી ધ્વારા માંગણી કરતા ફરીયાદી પાસે તેને



ચુકવવાના રૂપિયા ન હોય આથી તેઓએ આરોપીની ઓફીસે તેના પિતા સાથે સમાધાનની વાતચીત કરવા ગયેલ હતા તે સમયે આરોપી રવિ વેકરીયા એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને કહેલ કે અમો જેનો હવાલો લઈએ છીએ તેના રૂપિયા કઢાવીને જ રહીએ છીએ. અને આ સમયે આરોપી સ્મીત સખીયા હાજર હોય તેની લાયસન્સ રીવોલ્વર કાઢી ફરીયાદીના માથાપર મુકી ધમકી આપેલ હતી આથી ફરીયાદીના પિતા આજીજી કરવા લાગતા બે થી ત્રણ દીવસનો સમય આપેલ હતો.

ત્યારબાદ ફરીયાદીના પિતાએ તેના સમાજના આગેવાનને વાત કરતા તા.૯/૪/૨૪ ના રોજ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં અરજી આપેલી હતી જે અરજીના કામે પોલીસ ધ્વારા આરોપીઓને હેરાન પરેશાન કરવામાં આવતા આ કામના આરોપીઓ ધ્વારા રાજકોટ શહેર પોલીસ કમીશ્નરને પી.એસ.આઈ. કોન્ટેબલ તથા રાજકોટના રાજકીય અગ્રણી વિરૂધ્ધ લેખીતમાં ફરીયાદ આપવામાં આવેલી હતી આથી તેના બીજા દીવસે આ કામના ફરીયાદી ધ્વારા રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂધ્ધ અરજી કરવામાં આવેલી હતી જે અરજીના કામે પોલીસ ધ્વારા તા.૧૬/૭/૨૪ ના રોજ આઈ.પી.સી. કલમ ૩૮૬, ૫૦૬(૨), ૧૧૪ તથા આર્મ્સ એકટની કલમ 30 મુજબનો આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો અને આરોપીઓ સ્મીત સખીયા, રવિ વેકરીયા તથા ઉતમ વિરડીયાને અટક કરી નામદાર અદાલતમાં ત્રણ દીવસના રીમાન્ડની માંગણી સાથે રજુ કરવામાં આવેલ હતા.બાદમાં આરોપીઓના રીમાન્ડ પુર્ણ



થયે નામદાર અદાલતમાં રજુ કરવામાં આવતા આરોપીઓના વકીલશ્રી ધ્વારા આરોપીઓની જામીન અરજી મુકવામાં આવેલ હતી અને તે મતલબની દલીલ કરવામાં આવેલ હતી કે સદરહું ગુન્હામાં ફરીયાદીએ પોતે જુગાર રમેલ હોય અને જુગારની હાર-જીતની રકમ હોય તેમ છતા જુગાર ધારા મુજબનો કોઈ ગુન્હો દાખલ કરવામાં આવેલ નથી વિશેષમાં એ મતલબની દલીલ કરવામાં આવેલ કે ફરીયાદીએ સદરહું ફરીયાદ રાજકીય આગેવાનના કહેવાથી પોલીસ મશીનરી ઉપર દબાણ લાવી ભારે કલમો મુજબનો ગુન્હો દાખલ કરાવેલ હોય કહેવાતી ફરીયાદમાં આઈ.પી.સી. ૩૮૬ મુજબના કોઈ તત્વો ફલીત થતા ન હોય તેમ છતા આરોપીઓને યેનકેન પ્રકારે જેલ હવાલે કરવાના એકમાત્ર હેતુસર આઈ.પી.સી. કલમ ૩૮૬ જેવી ભારે કલમ નોંધી ફરીયાદ લેવામાં આવેલ હોય અને કહેવાતી ફરીયાદમાં આરોપીઓએ ફરીયાદીને મૃત્યુના ભયમાં મુકી કોઈ વસ્તુ કે મીલ્કત કે રોકડ રકમ પડાવી લીધેલ હોય તેવું ફરીયાદ પરથી ફલીત થતું ન હોય આમ આરોપીઓના વકીલ ધ્વારા આરોપીઓને જામીન પર મુકત કરવા ભારપુર્વકની દલીલ કરવામાં આવેલી હતી. આથી આરોપીઓના વકીલશ્રીની દલીલો ધ્યાને લઈ રાજકોટના મહે. ચીફ જયુ. મેજી. ધ્વારા સદરહું કામના આરોપીઓને યોગ્ય શરતોને આધીન દરેકને રૂા.30,000/- ના જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો.

આ કામમાં રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, મીલન જોષી, જયવિર બારૈયા, ખોડુભા સાકરીયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# શહેરમાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપીઓને શોધવા ખાસ ટીમની રચના કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા બે વર્ષથી વોન્ટેડ હીસ્ટ્રીશીટરો સહિતના ૯૪ જેટલા આરોપીઓને પકડવા માટે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની સુચનાથી ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાની અધ્યક્ષતામાં ખાસ ટીમની રચના કરવામાં આવી છે. આ ટીમ દ્વારા ઝોન-૨ વિસ્તારમાં નાસતા ફરતાં આરોપીને પકડવા માટે કામગીરી કરશે.

શહેરમાં છેલ્લા બે વર્ષથી ગંભીર ગુના તેમજ અન્ય સામાન્ય ગુનાઓમાં છેલ્લા બે વર્ષથી વોન્ટેડ આરોપીઓની યાદી તૈયાર કરવામાં આવી છે. જેમાં બુટલેગરો તેમજ નામચીન હિસ્ટ્રીશીટર સહિત ૯૪ જેટલા આરોપીઓ પોલીસને ચકમો આપી પકડાતા ન હોય માટે ખાસ નાસતા ફરતા સ્કવોર્ડની રચના કરવામાં આવી છે. આ સ્કવોર્ડમાં ડીસીપી જગદીશ બાંગરવાના અધ્યક્ષસ્થાને એસીપી રાધિકા ભારાઈ તેમજ એસીપી બી.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ પીએસઆઈ તરીકે એન.વી.હરિયાણી તેમજ સ્ટાફમાં રાહુલ વ્યાસ, કનુભાઈ બસીયા, મિતેશભાઈ આડેસરા, અંકીતભાઈ નિમાવત અને મહાવીરસિંહ જાડેજાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્કવોર્ડ દ્વારા ઝોન-૨ વિસ્તારના પોલીસ સ્ટેશનમાં છેલ્લા બે વર્ષથી ફરાર ૯૪ આરોપીઓને પકડવા આ ટીમ કામગીરી કરશે. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયાની સુચના અને માર્ગદર્શન હેઠળ ખાસ સ્કવોર્ડ કામગીરી કરશે.

# દારૂના ગુનામાં નાસતો ફરતો રતનપરનો બુટલેગર આજી ડેમ પાસેથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ડીસીબી પોલીસમાં નોંધાયેલા દારૂના ગુનામાં ફરાર બુટલેગરને ક્રાઈમ બ્રાન્ચની ટીમે આજીડેમ ચોકડી પાસેથી દબોચી લીધો હતો. ગત તારીખ લષ માર્ચના પોલીસે ભાવનગર રોડ પર



ગંજીવાડા શેરી નંબર ૧૫ માં આવેલા રહ ણશંક મકાનમાં દરોડો પાડીને રૂ ૫૦ હજારથી પણ વધુ કિંમતની દારૂની બોટલો કબ્જે કરી હતી. જે કેસમાં બોટાદના રતનપર ગામે રહેતો વહતું ખાચરનું નામ ખુલતા તે નાસતો ફરતો હતો.દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફને મળેલી બાતમીના આધારે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.